





પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૨ | ૨૨ જુન, ૨૦૨૧, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦






આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ દિવસની ઉજવણી - દેશ-વિદેશની ધરતી પર યોગદિવસની દિવ્ય ઉજવણી કરાઈ હતી... ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કવેર હોય કે દિલ્હીનો લાલકિલ્લો હોય, રાજભવન હોય કે, પ્રાથમિક શાળાનું પટાંગણ હોય... યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરાઈ હતી. વિશેષ કરીને કોરોના કાળમાં યોગનું મહત્વ સાર્વત્રિક રીતે સ્વીકારાયું છે...

# કોરોના મહામારી દરમિયાન યોગ આશાનું કિરણ : મોદી

### વિશ્વ યોગ દિન પર વડાપ્રધાન મોદીનું સંબોધન : કોરોનાના અદ્રશ્ય વાયરસે દુનિયામાં એન્ટ્રી કરી ત્યારે વિશ્વ તેના માટે કોઈ જ પ્રકારે તૈયાર નહતું એવામાં યોગ આત્મબળનું મોટું માધ્યમ બન્યું

નવી દિલ્હી,તા.૨૧

આજે દુનિયાભરમાં ૭મા આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધિત કર્યો છે. વડાપ્રધાને કહ્યું આજે જ્યારે આખો દેશ કોરોના સામે લડી રહ્યો છે, તો યોગ આશાનું કિરણ બની રહ્યો છે. બે વર્ષથી ભલે દુનિયામાં અને ભારતમાં સાર્વજનિક રીતે કાર્યક્રમ આયોજિત ના કરાતો હોય, પરંતુ યોગ દિવસ પ્રત્યેનો ઉત્સાહ ઓછો નથી થયો. દેશને સંબોધિત કરીને વડાપ્રધાન મોદીએ કહ્યું, દુનિયાના ઘણાં દેશો માટે યોગ દિવસ સદીઓ જૂનો સાંસ્કૃતિક પર્વ નથી. આ મુશ્કેલ સમયમાં લોકો તેને ભૂલી શક્યા હોત, તેની ઉપેક્ષા કરી શક્યા હોત. પરંતુ તેનાથી



અલગ, લોકોમાં યોગ પ્રત્યે ઉત્સાહ વધ્યો છે, યોગથી પ્રેમ વધ્યો છે. કોરોના મહામારીનો ઉલ્લેખ કરીને મોદીએ કહ્યું કે, જ્યારે કોરોનાના અદષ્ય વાયરસે દુનિયામાં એન્ટ્રી કરી હતી, ત્યારે કોઈ દેશ, સાધનો, સામર્થ્યથી અને માનિસિક અવસ્થાથી, તેના માટે તૈયાર નહોતો. આપણે સૌએ જોયું કે આવા કઠીન સમયમાં યોગ આત્મબળનું એક મોટું માધ્યમ બન્યું. વડાપ્રધાને કહ્યું કે, ભારતના ઋષિયોએ, ભારતે જ્યારે પણ સ્વાસ્થ્યની વાત કરી છે, તો તેનો મતલબ માત્ર શારીરિક સ્વાસ્થ્ય નથી થતો. માટે યોગમાં ફિઝિકલ હેલ્થની સાથે-સાથે મેન્ટલ હેલ્થ પર પણ ભાર આપવામાં આવ્યો છે. યોગ આપણને સ્ટ્રેસથી સ્ટ્રેંથ અને નેગેટિવિટીથી ક્રિએટિવિટી તરફનો રસ્તો બતાવે છે. યોગ આપણને અવસાદથી ઉમંગ અને પ્રમાદથી પ્રસાદ તરફ લઈ જાય છે. યોગ દિવસ પર પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, જ્યારે ભારતે યુનાઈટેડ નેશનમાં આંતરાષ્ટ્રીય યોગ દિવસ નો પ્રસ્તાવ રાખ્યો હતો, તો તેની પાછળ એ જ ભાવના હતી, કે આ યોગ દુનિયા માટે ફાયદાકારક છે. આજે આ દિશામાં ભારતે યુનાઈટડ નેશન, ડબલ્યુએચઓ સાથે મળીને એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. હવે દુનિયાને સ્-ર્રૂપ્ક્રફ્ટ એપની શક્તિ મળવા જઈ રહી છે. આ એપમાં કોમન યોગ પ્રોટોકોલ પર યોગ પ્રશિક્ષણની ઘણા વિડીયો દુનિયાની અલગ-અલગ ભાષામાં ઉપલબ્ધ હશે. આપને જણાવી દઈએ કે આ વર્ષે યોગ દિવસની થીમ, યોગ ફોર વેલનેસ છે, જે શારીરિક અને માનસિક કલ્યાણ માટે યોગના અભ્યાસ પર કેન્દ્રીત છે. કોરોના સંક્રમણના કારણે યોગ દિવસ પર મોટાભાગના કાર્યક્રમ વર્ચ્યુઅલી આયોજિત કરાઈ રહ્યા છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ યોગ દિવસના પ્રસંગે દિલ્હી સ્થિત પોતાના નિવાસસ્થાન પર યોગાભ્યાસ કર્યા.

## ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કવેર પર ૩૦૦૦ વ્યક્તિએ યોગ કર્યા

ન્યૂયોર્ક,તા.૨૧

દુનિયાભરમાં આજે સાતમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ૬ વર્ષ પહેલા વડાપ્રધાન મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્રએ ૨૧ જૂનને આંતરરરાષ્રીવવય યોગ દિવસ તરીકે ઉજવવાની અપીલ કરી હતી. જોતજોતામાં દુનિયાના તમામ દેશ આ અભિયાનમાં સામેલ થઈ ગયા. ન્યૂયોર્કમાં ક્રેઝ જોવા મળ્યો. ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કવેર ખાતે યોગ દિવસ પર અનેક ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું. આ ઈવેન્ટ્સમાં ૩૦૦૦ લોકો સામેલ થયા. કોરોના મહામારીની વચ્ચે પોતાને ફિટ રાખવા માટે લોકો બહાર આવ્યા અને સાર્વજનિક રીતે યોગ કર્યો. આ વખતે યોગ દિવસની થીમ કોરોનાથી બચાવ છે. વડાપ્રધાન મોદીએ આજે પોતાના સંબોધનમાં પણ કહ્યું કે, કોરોના કાળમાં યોગ આશાનું કિરણ બન્યું છે. સંયુક્ત રાષ્ટ્રે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૧ની થીમ સ્વાસ્થ્ય માટે યોગ રાખી છે. કોરોનાના કારણે હાલમાં આપણું સ્વાસ્થ્ય સૌથી વધુ ખતરામાં છે. તેથી આ વર્ષે પણ ઘરે રહીને જ યોગના અભ્યાસથી સ્વાસ્થ્યને મજબૂત બનાવવા પ્રતિ જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે ભારત સરકારના આયુષ મંત્રાલયે એક જિંગલ પ્રતિયોગિતા આયોજિત કરી છે. જેનું ઈનામ ૨૫ હજાર રૂપિયા રાખવામાં આવ્યું છે.

## કોરોનાથી સંક્રમિતને બીજી વાર સંક્રમણનું જોખમ ઓછું

### પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડના કોવિડ-૧૯ સ્ટ્રેટેજિક ડાયરેક્ટર ડોક્ટર સુસાન હોપકિન્સે આંકડાના આધારે માહિતી આપી

નવી દિલ્હી, તા.૨૧

કોરોના સંકટનો સામનો કરી રહેલા વિશ્વને બ્રિટને એક સારા સમાચાર આપ્યા છે. પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ દ્વારા કોવિડ-૧૯ સંક્રમણ અંગે એક ડેટા તૈયાર કરવામાં આવ્યો હતો જેને ગુરૂવારે પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ ડેટા પ્રમાણે કોરોનાથી એક વખત સંક્રમિત થયા બાદ બીજી વખત સંક્રમિત થવાનું જોખમ ઓછું છે.

પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડે આ સર્વે એટલા માટે પ્રકાશિત કર્યો છે જેથી કોરોના સંક્રમણના જોખમ પર નજર રાખી શકાય અને ફરી કોરોનાથી સંક્રમિત થઈ રહેલા લોકોની સ્થિતિ જાણી શકાય. વર્તમાન ડેટા પ્રમાણે સાર્સ-કોવ-૨ના ફરી સંક્રમિત થવાનું જોખમ ઓછું છે.

૩૦ મે ૨૦૨૧ સુધીમાં બ્રિટનમાં ૧૫,૮૯૩ લોકો ફરી કોરોના સંક્રમિત થયા હતા જ્યારે ઈંગ્લેન્ડમાં ૪૦ લાખ કોરોના સંક્રમણના કેસ નોંધાયા હતા. જો આ આંકડાઓ પર ધ્યાન આપીએ તો ફક્ત ૦.૪ ટકા કેસમાં એક કોવિડ સંક્રમિત વ્યક્તિ ફરી કોરોના સંક્રમણનો શિકાર બની શકે છે.

પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડના કોવિડ-૧૯ સ્ટ્રેટેજિક ડાયરેક્ટર ડૉક્ટર સુસાન હૉપકિન્સે જણાવ્યું કે, કોરોના સંક્રમણનો એક વખત શિકાર બની ચુકેલા લોકો એ જાણવા માંગે છે કે, શું ફરી કોરોના સંક્રમણનું જોખમ છે કે નહીં. આ સંજોગોમાં વર્તમાન ડેટા પ્રમાણે ફરી કોરોના સંક્રમિત થવાનું જોખમ ખૂબ જ ઓછું છે.

ડૉક્ટર સુસાન હૉપકિન્સના કહેવા પ્રમાણે એવું બિલકુલ ન કહી શકાય કે કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા બાદ પણ સંક્રમણ નહીં લાગે. ઉપલબ્ધ ડેટા પ્રમાણે મોટા ભાગના સંક્રમણના કેસમાં લક્ષણ નહોતા દેખાઈ રહ્યા પરંતુ હજુ તેના પર વધુ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

# સતત બીજા વર્ષે અમરનાથ યાત્રા રદ

### નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપતી સરકાર : ઉચ્ચ કક્ષાની બેઠકમાં નિર્ણય : શ્રી અમરનાથ છડી મુબારક ૨૨ ઓગસ્ટે ગુફામાં લાવવામાં આવશે, શ્રદ્ધાળુ ૨૮ જૂનથી ઓનલાઇન દર્શન કરી શકશે

નવી દિલ્હી, તા.૨૧

કોરોના સંક્રમણની વર્તમાન સ્થિતિને જોતા અમરનાથ યાત્રા રદ રદ કરી દેવામાં આવી છે. સતત બીજીવાર કોવિડ-૧૯ને કારણે અમરનાથ યાત્રા રદ થઈ છે. પરંતુ શ્રદ્ધાળુઓ ૨૮ જૂનથી ઓનલાઈન દર્શન કરી શકશે. શ્રી અમરનાથ છડી મુબારક ૨૨ ઓગસ્ટે ગુફામાં લાવવામાં આવશે. આ પહેલાં જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ શુક્રવારે કહ્યુ કે, સરકાર જલદી વાર્ષિક અમરનાથ તીર્થયાત્રા આયોજીત કરવાનો નિર્ણય કરશે, પરંતુ સાથે તે પણ સ્પષ્ટ કર્યુ હતું કે લોકોના જીવ બચાવવા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. હિમાલયના ઉંચાઈ વાળા ભાગમાં ૩૮૮૦ મીટર ઉંચાઈ પર સ્થિત ભગવાન શિવના ગુફા મંદિર માટે ૫૬ દિવસીય યાત્રા ૨૮ જૂનના પહલગામ અને બાલટાલ માર્ગોથી શરૂ થવાની હતી અને આ યાત્રા ૨૨ ઓગસ્ટે સમાપ્ત થવાની હતી. તે પૂછવા પર શું આ વર્ષે અમરનાથ તીર્થયાત્રા થશે, સિન્હાએ અહીં સંવાદદાતાઓને કહ્યુ- હું પહેલા કહી ચુક્યો છું કે લોકોના જીવ



બચાવવા જરૂરી છે. કોવિડ મહામારીને ધ્યાનમાં રાખતા અમે જલદી નિર્ણય કરીશું.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦માં મહામારીને કારણે તીર્થયાત્રા રદ કરી દેવામાં આવી હતી. આ પહેલા સિન્હાએ વિકાસ વિકાસ કાર્યો સિવાય જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ભાગ લીધો. બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા, કેન્દ્ર સરકાર તથા જમ્મુ કાશ્મીર પ્રશાસનના સર્વોચ્ચ સુરક્ષા અને ગુપ્તચર તંત્રના અધિકારી સામેલ થયા હતા.

## સોપોરમાં સેનાની કાર્યવાહીમાં ત્રણ આતંકવાદી ઠાર મરાયા

### ત્રણ આતંકીઓ આતંકી સંગઠન લશ્કર એ તૈયબા સાથે સંબંધ ધરાવતા હતા : પોલીસ અને સીઆરપીએફની ટીમ પર થયેલી હુમલામાં સામેલ મુદસ્સિર પંડિતને પણ અથડામણમાં ઠાર

શ્રીનગર,તા.૨૧

જમ્મુ અને કાશ્મીરના સોપોરમાં ગત રાતે થયેલા એંકાઉન્ટરમાં સુરક્ષાદળોએ ત્રણ આતંકીઓનો ખુડદો બોલાવ્યો. ત્રણ આતંકીઓ



આતંકી સંગઠન લશ્કર એ તૈયબા સાથે સંબંધ ધરાવતા હતા. પોલીસ અને સીઆરપીએફની ટીમ પર થયેલી હુમલામાં સામેલ મુદસ્સિર પંડિતને પણ અથડામણમાં ઠાર કરાયો. ૧૨ જૂનના રોજ સોપોરમાં થયેલા આતંકી હુમલામાં ૩ પોલીસકર્મી અને ૨ નાગરિકોના મોત થયા હતા. આઈજી વિજયકુમારે જણાવ્યું કે સોપોર હુમલામાં સામેલ મુદસ્સિર પોલીસ પાર્ટી પર હુમલો કરવા ઉપરાંત અનેક અન્ય આતંકી ગતિવિધિઓમાં સામેલ હતો. પોલીસના જણાવ્યાં મુજબ ગુંડબ્રથ વિસ્તારમાં ચલાવવામાં આવેલું આ ઓપરેશન હવે પૂરું થઈ ગયું છે. અથડામણ બાદ સુરક્ષાદળોએ ત્રણ છ્દ્ધ-૪૭ સહિત ભારે માત્રામાં ગોળા બારૂદ પણ જપ્ત કર્યા છે. વિજય કુમારે જણાવ્યું કે માર્યા ગયેલા આતંકીઓમાંથી એક પાકિસ્તાની નાગરિક અસરાર ઉર્ફ અબ્દુલ્લા પણ સામેલ હતો. જે વર્ષ ૨૦૧૮થી ઉત્તર કાશ્મીરમાં એક્ટિવ હતો. તેમણે લશ્કર આતંકી મુદસ્સિરના મોતને જનતા માટે મોટી રાહત ગણાવી છે. અત્રે જણાવવાનું કે ૧૨ જૂનના રોજ સોપોરમાં પોલીસ અને સીઆરપીએફની જોઈન્ટ ટીમ પર આરામપુરાના એક નાકા પર હુમલો થયો હતો. આ હુમલામાં ૩ પોલીસકર્મીઓ શહીદ થયા હતા અને ૨ અન્ય પોલીસકર્મી ઘાયલ થયા હતા. આ અગાઉ ગુરુવારે પણ આતંકીઓએ એક પોલીસકર્મીની ગોળી મારીને હત્યા કરી હતી. જે સમયે આ વારદાત થઈ તે વખતે પોલીસકર્મી ડ્યૂટી પર નહતો. શ્રીનગરના ઈદગાહ વિસ્તારના સૈદપોરા મહોલ્લામાં આતંકીઓએ કોન્સ્ટેબલ જાવેદ અહેમદને તેમના ઘરની પાસે ગોળી મારીને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. તેમને નજીકને શૌરા સ્થિત હોસ્પિટલ ખસેડાયા પરંતુ ત્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.

## ટોકિયો ઓલિમ્પિક માટે ભારતની તૈયારી જોરમાં : હરિયાણાના ખેલાડીઓનો દબદબો

નવી દિલ્હી, તા.૨૧

ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓમાં હરિયાણાનો ફરી એક વખત દબદબો જોવા મળ્યો છે. હરિયાણાની ૧૬ મહિલા ખેલાડીઓએ ઓલિમ્પિકમાં વિવિધ રમતો માટે ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યુ છે. જ્યારે હરિયાણાના ૧૩ પુરુષ ખેલાડીઓ ઓલિમ્પકમાં ભારત વતી ભાગ લેશે. હોકી ટીમની પસંદગી થઈ તે પહેલા આ રાજ્યના ૧૮ પ્લેયર્સ ઓલિમ્પિક રમવાના હતા પણ મહિલા હોકી ટીમની જાહેરાત બાદ હરિયાણાની મહિલા ખેલાડીઓની સંખ્યા વધી છે.

## કેપ્ટન અમરિન્દરસિંઘ રોજ જુઠ્ઠું બોલે છે : નવજોત સિધ્ધુ

### પંજાબ કોંગ્રેસમાં આંતરિક યુધ્ધ ચરમસીમાએ : પંજાબમાં બે શક્તિશાળા પરિવારો એક સિસ્ટમ ચલાવી રહ્યા છે, જે રાજ્યના હિતોને ખતમ કરી રહ્યાનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૧

પંજાબ કોંગ્રેસમાં ચાલી રહેલુ ઘમાસાણ અટકવાનુ નામ લઈ રહ્યુ નથી.આગામી વર્ષે થનારી વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસમાં આંતરિક લડાઈ ચરમસીમાએ છે.

ખાસ તો પંજાબના સીએમ કેપ્ટન અમરિન્દરસિંઘ અને પૂર્વ મંત્રી તથા પૂર્વ ક્રિકેટર નવજોત સિધ્ધુ વચ્ચે મતભેદો વધારે ઘેરા બની રહ્યા છે. તાજેતરમાં સિધ્ધુએ એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યુ છે કે, કેપ્ટન અમરિન્દરસિંહ રોજ જુઠ્ઠુ બોલે છે. મારા રાજકીય જીવનનો હેતુ સિસ્ટમને બદલવાનો છે. પંજાબમાં બે શક્તિશાળા પરિવારો એક સિસ્ટમ ચલાવી રહ્યા છે. જે રાજ્યના હિતોને ખતમ કરી રહી છે. તેમણે બધુ પોતાના કંટ્રોલમાં લઈ લીધુ છે અને તેઓ એક બીજાનો બચાવ કરે છે. તેમણે રાજ્યને લૂંટયુ છે. મારી લડાઈ આ



સિસ્ટમ સામે છે.

સિધ્ધુએ કહ્યુ હતુ કે, મેં કોંગ્રેસ જોઈન કરી ત્યારે ૫૬ વિધાનસભા બેઠકો પર પ્રચાર કર્યો હતો. તેમાંથી ૫૪ બેઠકો પર કોંગ્રેસ જીતી હતી. મેં સીએમને રાજ્યની આવક વધારવા માટે શરાબ નીતિ બદલવા માટે અને વધારાના પૈસાથી યુવકોને નોકરી આપવા માટે કહ્યુ હતુ. પણ સીએમે ઈનકાર કરી દીધો હતો. હવે રાજ્ય પરનુ દેવુ ચુકવવા રાજ્ય સરકાર બીજુ દેવુ કરી રહી છે. સરકાર માઈનિંગને સિસ્ટમમાં લાવવાની ના પાડે છે. તેનાથી પણ રાજ્યને મોટુ નુકસાન થઈ રહ્યુ છે. હજારો એકર જમીન પર ગેરકાયદે કબ્જા અંગે કરેલી રજૂઆત પર સરકાર ધ્યાન આપી રહી નથી.

સિધ્ધુએ કહ્યુ હતુ કે, આ સિસ્ટમે મને પણ કામ કરવા દીધુ નથી. પંજાબ ગીરવે મુકાઈ ગયુ છે. રોજ કેપ્ટન અમરિન્દરસિંહ જુઠ્ઠુ બોલે છે. સરકારમાંઅધિકારી, ધારાસભ્યો અને મંત્રીઓ લોકોને જવાબ આપવા બંધાયેલા છે.